સવારે ચા સાંજે
અકિલા ન્યુઝ .કોમ



## મુખ્ય સમાચાર

**News of Wednesday, 11th January, 2017**

# સર્વાંગી શહેરી વિકાસ, સ્માર્ટ સિટીથી કલેવર બદલાયા છે

### કેન્દ્રિય શહેરી વિકાસ મંત્રી નાયડુનો અભિપ્રાય : દેશભરના શહેરો અને રાજ્યોની વચ્ચે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા શહેરીકરણ સમસ્યાને સ્થાને વિકાસની નવતર તકો

DownSpeedTest
3 Easy Steps:
1. Click "Download"
2. Download on our website
3. Get free tool
DOWNLOAD

અમદાવાદ, તા.૧૧ : વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ના બીજા દિવસે યોજાયેલા સ્માર્ટ એન્ડ લિવેબલ સીટીઝ ઓપોર્ચ્યુ નીટી એન્ડ ચેલેન્જીસ સેમિનારમાં કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી વેન્કૈયા નાયડુએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ હવે દેશભરમાં બદલાવ આવી રહ્યો છે. એટલું જ નહીં લોકોનો અભિગમ પણ હવે વિકાસાભિમુખ દિશા તરફ બદલાઈ રહ્યો છે. કેન્દ્રીય મંત્રી નાયડુએ જણાવ્યું હતું કે, સર્વાંગી વિકાસ અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટથી શહેરોના દ્રશ્યચિત્રો બદલાઈ રહ્યા છે. ફુટપાથ અને સાયકલ ટ્રેકથી લઈને બીઆરટીએસ, મેટ્રો, ફલાય ઓવર્સ દ્વારા દેશભરના શહેરો નવી અત્યાધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ થઈ રહ્યા છે. ભારત સરકારે શહેરીકરણને સમસ્યા નહીં, વિકાસની નૂતન તક તરીકે મુલવીને શહેરોના સર્વાંગી વિકાસની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી છે, તેમ જણાવતા નાયડુએ ભારતના શહેરોના વિકાસ,






With PDFmyURL anyone can **convert entire websites to PDF**!
PDFmyURL

આંતરમાળખાકીય સુવિધા અને અન્ય આનુષાંગિક વિકાસ કાર્યોના નિર્માણથી વિપુલ તકોનો ચિતાર આપી વૈશ્વિક રોકાણકારોના આ ક્ષેત્રે રોકાણ કરવા આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, દેશના નાગરિકોનો અભિગમ હવે બદલાઈ રહ્યો છે અને એટલે જે દેશભરના શહેરો રાજયો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થઈ રહી છે જે રાષ્ટ્રના વિકાસ માટે અતિ મહત્વરૂપ ઘટના છે દેશભરનાં શહેરોને હવે ઉપલબ્ધ સુવિધાઓના આધઆરે ક્રેડીટ રેન્કીંગ આપવામાં આવી રહ્યું છે અને ગુજરાતનું અમદાવાદ શહેર એએ રેન્કીંગ દ્વારા દેશભરમાં અગ્રેસર રહ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નાયડુએ શાસન વ્યવસ્થામાં પ્રોપિપલ અને હકારાત્મક અભિગમ દ્વારા નવા જ પરિણામો મેળવી શકાય છે તે વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે સાબિત કરી આપી છે તેમ જણાવ્યું હતું તેમણે એમ પણ જણાવ્યું હતું કે, હવે વિકાસના એજન્ડાને કેન્દ્રમાં રાખતી સરકાર માટે પોપ્યુલિઝમ નહીં, પીપલીઝમ લોકોની જરૂરિયાત જ મહત્વની બની રહી છે. શહેરોના વિકાસ માટે સ્માર્ટનેસ ઈશ્વરદત્તમ આશીર્વાદ નહીં પરંતુ લોકમાનસના ઘડતરથી જ આવી શકે છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, દેશભરમાં ૧૦૦ સ્માર્ટસિટીના નિર્માણ દ્વારા કેન્દ્ર સરકારે શહેરી જીવનની સ્માર્ટનેસને નવી જ દિશા આપી છે તેમણે શહેરોની જેમ જ ગામડાના સર્વાંગી વિકાસ દ્વારા ગુજરાતે સ્થાપેલા વિકાસના નવા જ માપદંડોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ગુજરાત રાજય આજે ઈકોનોમિક એકસપ્રેસ હાઈ વે ઓફ ઈન્ડિયા બની રહ્યું છે. તેમણે વિકાસના ગુજરાત મોડેલને ફલેવર ઓફ કન્ટ્રી ગણાવ્યું હતું તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રોનું પ્રથમ તબક્કાનું અંદાજે ૩૬ કિ.મીની કામગીરી વર્ષ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થશે. કેન્દ્ર સરકારના પારદર્શક અને જવાબદેહી વિકાસ અભિગમને કારણે જ દેશભરની શિક્ષણ સંસ્થાઓમાં કન્યાઓ માટે ૪ લાખ ૧૭ હજાર શૌચાલયો બંધાયા છે. પ્રધાનમંત્રીએ લોકોને અપીલ કરી અને ૧ કરોડ ૩૦ લાખ લોકોએ રાંધણગેસની સબસીડી સરકારને પરત કરી આ ઘટના શાસન પ્રણાલીમાં લોકોના વિશ્વાસને પ્રદર્શિત કરે છે. આવો જ જનવિશ્વાસ ડીમોનેટાઈઝેશનને મળ્યો છે જે નજીકના ભવિષ્યમાં આર્થિક વિકાસની નવી દિશા ખોલી આપશે તેમ જણાવી ડીમોનેટાઈઝેશનને તેમણે આર્થિક વિકાસનો મહાયજ્ઞ ગણાવ્યો હતો.

(08:59 pm IST)


**Share This News**

**Follow Akilanews.com**



- મોદીના સમયમાં જ રામમંદિર : નિર્માણની તારીખ અયોધ્યા આવીને કરશે
- મફત ચીજવસ્તુ મુદ્દે કોર્ટે પંચ પાસે જવાબ માંગ્યો
- ગેરકાયદે નિર્માણ કેસમાં હવે કપિલ શર્માની સામે મુશ્કેલી
- પંજાબ-ગોવા ચૂંટણી....
- BSNLનો ધમાકો : રિલાયન્સ જિયો કરતાં પણ સસ્તો ઇન્ટરનેટ પ્લાન
- વિદેશથી ફોન આવે ત્યારે સ્ક્રીન પર લોકલ નંબર હોય તો સાવધાન!

મુખ્ય સમાચાર

- ભજનાનંદી કોઇથી વિમુખ નહી પરંતુ સન્મુખ હોવા જોઇએ:પૂ.મોરારીબાપુ
- નોટબંધી અત્યાચારી : ભારતીય અર્થતંત્ર સંકટમાં : ન્યૂયોર્ક ટાઇમ્સ
- ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે વિવિધ ક્ષેત્રમાં વિકાસની તક

વધુ સમાચાર

સમાચાર રાજકોટ

- ડબલ મર્ડર-કસ્ટોડીયલ ડેથમાં પ્રકાશ લુણાગરીયાના પિતાએ સી.બી.આઇ.તપાસની માંગણી કરતી અરજી કોર્ટમાં દાખલ કરી
- સદરમાં સાજીદ જિંદાણી પર વીસ લાખના વ્યાજની ઉઘરાણી માટે હુમલો થયો'તો
- ગૌસેવામાં દાન વહાવવા શ્રીજી ગૌશાળાની અપીલ

વધુ સમાચાર

સૌરાષ્ટ્ર-કચ્છ

- જાફરાબાદનાં ઇન્ચાર્જ ટીડીઓનો વાર્ષિક ઇજાફો



With PDFmyURL anyone can **convert entire websites to PDF**!
PDFmyURL

## COMMENTS(0)

To post your comment please register / login

No comments posted yet.


અટકાવાયો

- દામનગરમાં રાજાશાહી સમયની શાકમાર્કેટ જર્જરીત: ગમે ત્યારે તૂટી પડશે
- ખંભાળીયામાં જાહેર સેવા વિષયક તાલીમ

વધુ સમાચાર

## સમાચાર ગુજરાત

- વડોદરામાં પોલીસના સ્વાંગમાં બે લૂંટારુઓ વૃદ્ધાના દાગીના ચાઉં કરી ગયા
- ગુરૂ-શિષ્યનો સંબંધ કલંકિત કરતો અમદાવાદનો બનાવ: શિક્ષક પાસેથી વિદ્યાર્થિનીએ પતિ સાથે મળી વસૂલ્યા 50 હજાર
- ગુજરાતમાં કડકડતી ઠંડી : ૫.૪ ડિગ્રી સાથે નલિયા ઠંડુગાર બન્યું

વધુ સમાચાર

## દેશ – વિદેશ

- ફિલિપાઈન્સમાં ૭.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા
- શિયાળામાં હાર્ટ-અટેકનું પ્રમાણ શા માટે વધે છે ?
- પ્રીમેચ્યોર જન્મેલા બાળકો ભાષા અને કમ્યુનિકેશન જલદી શીખી જાય

વધુ સમાચાર

## એન. આર. આઈ. સમાચાર

- ઈરાનના પૂર્વ પ્રેસિડન્ટ સ્વ. અલી અકબર હાશેમીની લોકપ્રિયતા : તહેરાનમાં યોજાયેલી અંતિમયાત્રા પ્રસંગે માનવ મહેરામણ ઉમટી પડયો હતો
- શ્રીલંકન અમેરિકન મહિલા સુશ્રી રોહિણી કોસોગ્લુને પોતાના સ્ટાફમાં ડેપ્યુટી ચિફ તરીકે નિમણુંક આપતા સુશ્રી કમલા હેરીસ છેલ્લા દસકાનો કોંગ્રેસની કાર્યવાહી અંગેનો અનુભવ ધ્યાને લીધો
- ભારતના ચલણમાંથી રદ કરાયેલી નોટો બદલવાની


With PDFmyURL anyone can **convert entire websites to PDF**!

PDFmyURL

મુદત ૩૧ ડિસેં. સુધી લંબાવવા વિદેશ સ્થિત ભારતીયોની માંગણી : બેંગલુરૂમાં યોજાઈ ગયેલા પ્રવાસી ભારતીય દિવસમાં ઉપસ્થિત GOPIO ના પ્રતિનિધિઓ તથા દુબઈ તેમજ મસ્કત સ્થિત અગ્રણીઓ દ્વારા રજુઆત

વધુ સમાચાર

## ખેલ જગત

- ફિફા વર્લ્ડકપ - ૨૦૨૬માં રમશે ૪૮ ટીમ
- આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે ગુરૂવારથી ત્રીજી ટેસ્ટ મેચ
- રોહિત પહોંચ્યો રિયલ દંગલ જોવા

વધુ સમાચાર

## ફિલ્મ જગત

- રેપર બાદશાહના ઘરે દિકરીનો જન્મ: સોશિયલ મિડીયા પર તસ્વીર શેર
- પિતા મહેશ ભટ્ટે આલિયાને આપી અનોખી ભેટ:રસ્તા વચ્ચે સેલ્ફી લઇ બન્યા તેના ચાહકવર્ગમાં સામેલ
- હર્ષદ અને નિતા શેટ્ટી નવા ટીવી શોમાં સાથે

વધુ સમાચાર



© 2009 - 2010 All Rights Reserved by Akila Rajkot India.

(Leading Gujarati news paper of Rajkot Gujarat India with Gujarati Audio News)



With PDFmyURL anyone can **convert entire websites to PDF**!